1. માંગ એટલે શું?

➢ માંગ એટલે કોઈ એક ચોકકસ સ્થળે, સમયે ચોક્કસ કિંમતે ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી.

2. માંગની આવક સાપેક્ષતા એટલે શું?

➢ વ્યક્તિની આવકમાં થતા ટકાવારી ફેરફારના સંદર્ભમાં વસ્તુની માંગમાં થતા ટકાવારી ફેરફારના ગુણોત્તરને વસ્તુની માંગની આવક સાપેક્ષતા કહેવાય છે.

3. માંગની પ્રતિ-મૂલ્યસાપેક્ષતા એટલે શું?

➢ માંગની પ્રતિ-મૂલ્યસાપેક્ષતા એટલે કોઈ એક વસ્તુની અવેજીમાં વપરાતી વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફારને કારણે મૂળ વસ્તુની માંગમાં થતા ટકાવારી ફેરફારનું પ્રમાણ.

4. માંગનું વિસ્તરણ-સંકોચન ક્યારે શક્ય બને?

➢ માંગનું વિસ્તરણ-સંકોચન અન્ય પરિબળો યથાવત્ રહેતાં વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં શક્ય બને છે.

5. માંગમાં વધારો-ઘટાડો ક્યારે શક્ય બને?

➢ માંગમાં વધારો-ઘટાડો કિંમત યથાવત્ રહેતાં અન્ય પરિબળોમાં ફેરફાર થતાં શક્ય બને છે.

6. માંગનો નિયમ શાથી શરતી નિયમ કહેવાય છે?

➢ માંગનો નિયમ શરતી નિયમ કહેવાય છે. કારણ કે પ્રતિષ્ઠા મૂલ્યવાળી, અત્યંત સસ્તી કે ગિફન વસ્તુઓ માટે માંગના નિયમની ધારણાઓ પરિપૂર્ણ થવા છતાં માંગનો નિયમ લાગુ પડતો નથી.

7. પ્રતિષ્ઠા મૂલ્ય વસ્તુ એટલે શું?

➢ સોના-ચાંદીના ઘરેણાં, મોંઘી કાર, ઊંચી જાતના હીરા, માણેક, મોતીના દાગીના, મોંઘા મોબાઇલ વગેરે અત્યંત કિંમતી અને પ્રતિષ્ઠા ધરાવતી વસ્તુઓ પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુઓ કહેવાય છે.

8. ગિફન વસ્તુ એટલે શું?

➢ સર રૉબર્ટ ગિફનના નામ પરથી પ્રસિદ્ધ 'ગિફન વસ્તુ' એટલે હલકા પ્રકારની એવી વસ્તુ કે જેની કિંમત ઘટે, તો તેની માંગનું વિસ્તરણ નહી પણ સંકોચન થાય છે.

9. વ્યક્તિગત માંગ એટલે શું?

➢ કોઈ એક વ્યક્તિ (ગ્રાહક) કે કુટુંબ દ્વારા બજારમાં જુદી જુદી કિંમતે થતી વસ્તુની માંગને વ્યક્તિગત માંગ કહે છે.

10. બજારમાંગ એટલે શું?

➢ બજારમાં તમામ વ્યકિતમઓ (ગ્રાહકો) કે કુટુંબો દ્વારા જુદી જુદી કિંમતે થતી વસ્તુના માંગના સરવાળાને બજારમાંગ કહે છે.

11. માંગની મૂલ્યસાપેક્ષતા એટલે શું?

➢ માંગની મૂક્યસાપેક્ષતા એટલે કોઈ પણ વસ્તુની કિંમત અને માંગ વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ.

12. માંગ સર્જનનાં પરિબળો જણાવો.

➢ માંગ સર્જનનાં છ પરિબળો આ મુજબ છે : (1) ચોક્કસ સ્થળ, (2) ચોક્કસ સમય, (3) ચોક્કસ કિંમત, (4) ખરીદવાની ઈચ્છા, (5) શક્તિ (નાણું) અને (6) તૈયારી (નાણાં ખર્ચવાની).

13. વસ્તુની માંગને અસર કરતાં પરિબળો કયાં છે?

➢ વસ્તુની માંગને અસર કરતાં પરિબળો આ મુજબ છે :(1) વસ્તુની કિંમત (2) વસ્તુની કિંમતે સિવાયનાં અન્ય પરિબળો : વ્યક્તિની અભિરુચિ અને પસંદગી, વ્યક્તિ (ગ્રાહકોની આવક ,વ્યક્તિઓની સંખ્યા, સંબંધિત અવે છે કે પુરક વસ્તુઓની કિંમત અને ભવિષ્યની કિંમતો અંગેની અટકળો.

14. માંગ વિધેય શું દર્શાવે છે?

➢ માંગ વિધેય વસ્તુની માંગ અને તેને અસર કરતાં પરિબળોનો કાર્યકારણ સંબંધ દેશવિ છે.

15. માંગનો નિયમ લખો.

➢ જો અન્ય પરિબળો યથાવત્ રાકે, તો વસ્તુની કિંમતમાં વધારો થાય, તો તેની માંગમાં ઘટાડો થાય છે અને વસ્તુની કિંમતમાં ઘટાડો થાય તો તેની માંગમાં વધારો થાય છે,

16. વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ ક્યાં બે કારણોની મદદથી સમજી શકાય છે? .

➢ વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ બે કારણો (1) આવક અસર અને (2) અવેજી અસરની મદદથી સમજી શકાય છે.

17. માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો જણાવો.

➢ માંગની મૂલ્યસાપેક્ષતાના પ્રકારો આ મુજબ છે : (1) સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ, (2) સંપૂર્ણ મૂલ્યઅનપેથ માંગ, (3) એકમ મૂલ્યસાપેક્ષ માંગ, (4) મૂલ્યસાપેક્ષ માંગ અને (5) મૂલ્યઅનપેક્ષ માંગ.

18. પૂર્ણ હરીફાઈના બજારની સમજૂતીમાં કયા પ્રકારની માંગનો ખ્યાલ ઉપયોગી છે?

➢ પૂર્ણ હરીફાઈના બજારની સમજૂતીમાં સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગનો ખ્યાલ ઉપયોગી છે.

19. $e_p = 0$નું અર્થઘટન લખો.

- $e_p = 0$ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ દર્શાવે છે. અહી વસ્તુની કિંમતમાં ફેરફાર થતાં તેની માંગ સ્થિર રહે છે.

20. કિંમત અને માંગમાં થતા ફેરફારો એકસરખા પરંતુ વિરુદ્ધ દિશાના હોય, તો વસ્તુની માંગ અંગે શું કહેશો ?

- કિંમત અને માંગમાં થતા ફેરફારો એકસરખા પરંતુ વિરુદ્ધ દિશાના હોય, તો વસ્તુની માંગ એકમ મૂલ્યસાપેક્ષ માંગ છે તેમ કહેવાય.

21. નકારાત્મક આવક સાપેક્ષ માંગ એટલે શું?

- ગ્રાહકની આવકમાં વધારો/ઘટાડો થતાં વસ્તુની માંગમાં ઘટાડો/ વધારો થાય, તો તેવી વસ્તુની માંગ નકારામક આવક સાપેક્ષ માંગ કહેવાય છે.

23. મૂલ્યસાપેક્ષતા માપવાની ટકાવારીની રીત કોણે આપી હતી?

- મૂલ્યસાપેક્ષતા માપવાની ટકાવારીની રીત ડૉ. ફ્લેશ દ્વારા આપવામાં આવી હતી.

24. ડૉ. માર્શલે મૂલ્યસાપેક્ષતાના માપનની કઈ પદ્ધતિ રજૂ કરી હતી ?

- ડૉ. માર્શલે મૂલ્યસાપેક્ષતાના માપનની કુલ ખર્ચની પદ્ધતિ રજૂ કરી હતી.

25. જો વસ્તુની કિંમત વધવાથી ગ્રાહકોનું કુલ ખર્ચ ઘટે, તો માંગની મૂલ્યસાપેક્ષતાનું અર્થઘટન લખો.

- જો વસ્તુની કિંમત વધવાથી ગ્રાહકોનું કુલ ખર્ચ ઘટે, તો માંગ મૂલ્યસાપેક્ષ છે તેમ કહેવાય.

26. માંગની મૂલ્યસાપેક્ષતા હંમેશાં ઋણ કેમ હોય છે?

- માંગરેખા ડાબી બાજુથી જમણી બાજુ ઢળતી હોવાથી માંગની મૂલ્યસાપેક્ષતા હંમેશાં ઋણ હોય છે.

27. માંગની મૂલ્યસાપેક્ષતાનું મૂલ્ય 1થી ઓછું હોય, તો તેને ક્યા પ્રકારની માંગ કહે છે?

- માંગની મૂલ્યસાપેક્ષતાનું મૂલ્ય 1થી ઓછું હોય, તો તેને મૂલ્યઅનપેક્ષ માંગ કહે છે.

28. રેફ્રિજરેટરની માંગ કેવી હોય છે?

- રેફ્રિજરેટરની માંગ મૂલ્યસાપેક્ષ માંગ છે.

29. મીઠાની માંગનો પ્રકાર જણાવો.

- મીઠાની માંગ મૂલ્યઅનપેક્ષ માંગ છે.

30. જો A અને B વસ્તુઓ એકબીજાની પૂરક હોય, તો પ્રતિ-મૂલ્યસાપેક્ષતા કેવી મળશે?

- જો A અને B વસ્તુઓ એકબીજાની પૂરક હોય, તો પ્રતિ-મૂલ્યસાપેક્ષતા ઋણ મળશે.

31. માંગરેખા પરના કોઈ પણ બિંદુ માટે માંગની મૂલ્યસાપેક્ષતા કેવી રીતે નક્કી કરશો ?
- માંગરેખા પરના કોઈ પણ બિંદુ માટે માંગની મૂલ્યસાપેક્ષતા નીચેના સુત્રથી નક્કી કરીશું.
- માંગની મૂલ્યસાપેક્ષતા= કોઈ બિંદુથી નીચે તરફ માંગરેખાનું અંતર/તે બિંદુથી ઉપર તરફ માંગરેખાનું અંતર

32. માંગમાં વધારો અને માંગના વિસ્તરણ વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.
- કિમત સ્થિર રહે અને માંગ વધે તો તે માંગનો વધારો છે,જ્યારે કિમત ઘટતા માંગ વધે તો તે માંગનું વિસ્તરણ છે.

33. માંગનું સંકોચન એર્લે શું?
- વસ્તુની કિમત વધતાં વસ્તુની માંગમાં થતાં ઘટાડાને માંગનું સંકોચન કહે છે.

34. માંગનો વધારો વ્યાખ્યાયિત કરો.
- કિમત સિવાયના અન્ય પરિબળોમાં ફેરફાર થતાં માંગ વધે તો તેને માંગનો વધારો કહે છે.

35. કયા પ્રકારની વસ્તુની બાબતમાં આવક અસર નકારાત્મક હોય છે ?
- હલકા પ્રકારની વસ્તુની બાબતમાં આવક અસર નકારાત્મક હોય

36. અવેજી વસ્તુની માંગ ઘટાડીને મૂળ વસ્તુની માંગ વધારવાણી પ્રક્રિયાને શું કહેવાય ?
- અવેજી વસ્તુની માંગ ઘટાડીને મૂળ વસ્તુની માંગ વધારવાની પ્રક્રિયાને અવેજી અસર કહે છે.

37. વ્યક્તિગત માંગ એટલે શું?
- ચોક્કસ સમય દરમિયાન કોઈ એક વ્યક્તિ (ગ્રાહક) કે કુટુંબ દ્વારા જુદી જુદી કિંમતે બજારમાં થતી વસ્તુની માંગને વ્યક્તિગત માંગ કહે છે. વ્યક્તિગત માંગરેખા કણ ઢાળ ધરાવે છે. વ્યક્તિએ કરેલ માંગ અનુસાર ઢાળમાં ફેરફાર જોવા મળે છે.

38. બજારમાંગ એટલે શું?
- ચોક્કસ સમય દરમિયાન કોઈ પણ વસ્તુની જુદી જુદી કિંમતે જુદી જુદી તમામ વ્યક્તિઓ (ગ્રાહકો) કે કુટુંબો દ્વારા વસ્તુની જે માંગ ઉપસ્થિત થાય છે. તેનો સરવાળો કરતાં મળતી માગને બજારમાંગ કહે છે. બજાર માંગરેખા કણ ઢાળ ધરાવે છે,બજારમાંગ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે ઉપયોગી બને છે.

39.માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની રીતોનાં નામ આપો.
- માંગની મૂલ્યસાપેક્ષતા માપવાની ત્રણ રીતો છે : (1) ગુણોત્તર(ટકાવારી)ની રીત (2) કૂલ ખર્ચની રીત અને (3) ભૌમિતિક રીત.